# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-08-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી મત્સય સંપદા યોજના:

ગુજરાતમાં મત્સ્યઉદ્યોગના વિકાસ અને દરિયાઈ જીવસૃષ્ટિના સંરક્ષણ માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના' અંતર્ગત રાજ્યના માછીમારોની ફિશિંગ નેટમાં 'ટર્ટલ એક્સક્લુડર ડિવાઇસ' TED લગાવવાનો પ્રારંભ કરવામાં આવશે.

મત્સ્યોદ્યોગ મંત્રી જીતુભાઈ વાઘાણીના જણાવ્યા અનુસાર, રૂ. ૨૦ કરોડ ૯૬ લાખના ખર્ચે આકાર પામનારા આ પ્રોજેક્ટ હેઠળ ૮,૯૨૫ માછીમારોને ૧૦૦% સરકારી સહાયથી વિનામૂલ્યે TED પૂરાં પડાશે. ભારત સરકાર દ્વારા દેશભરમાં સૌથી વધુ ૮,૯૨૫ TED યુનિટ્સ એકમાત્ર ગુજરાત માટે મંજૂર કરવામાં આવ્યા છે. ઝીંગા પકડવાની જાળીમાં લગાવાતા આ વિશિષ્ટ સાધનથી મોટા દરિયાઈ કાચબાઓ સુરક્ષિત રીતે બહાર નીકળી શકશે. અગાઉ કાચબાઓના જોખમને કારણે અમેરિકા દ્વારા ભારતીય ઝીંગાની આયાત પર અંકુશ મૂકાયો હતો. હવે TEDના ઉપયોગથી આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્રો મળતાં અમેરિકા સહિતના વૈશ્વિક બજારોમાં ગુજરાતના ઝીંગાની નિકાસ પુનઃ ધમધમતી થશે, જે માછીમારોની આવકમાં વધારો કરશે.

-----------------------------------------------------------------------------------------

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રત-રાષ્ટ્રીય ખેલ દિવસની ઉજવણી :

અમદાવાદમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય ખેલ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાત અને સ્પોર્ટ્સ

ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે વાર્ષિક એવોર્ડ સન્માન સમારોહ યોજાયો હતો, જેમાં રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર ખેલાડીઓ અને કોચનું સન્માન કરાયું હતું.

આ ગૌરવપૂર્ણ પ્રસંગે વિશ્વનાથન આનંદના કોચ રહી ચૂકેલા મયૂર પટેલ અને રણજી ટ્રોફી ખેલાડીઓનું ઘડતર કરનાર કોચ જયપ્રકાશભાઈ પટેલને ગુજરાતના રમત જગતમાં દીર્ઘકાલીન પ્રદાન આપવા બદલ પ્રતિષ્ઠિત 'લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ' એનાયત કરી વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## રક્ષાબંધન પર્વે એસ.ટી.વિભાગે વધારાની બસોનું સંચાલન કર્યું:

રક્ષાબંધન પર્વ નિમિત્તે મુસાફરોના ભારે ધસારાને પહોંચી વળવા ગુજરાત એસટી નિગમના ભુજ વિભાગ દ્વારા ૨૪ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન ૮૩ વિશેષ એક્સ્ટ્રા બસોનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. આ વિશેષ ટ્રિપોએ કુલ ૧૦ હજાર ૯૬૦ કિલોમીટર પ્રવાસ કરી ૪,૮૧૯ મુસાફરોને ગંતવ્ય સ્થાને પહોંચાડ્યા હતા, જેનાથી એસટી વિભાગને કુલ રૂ. ૪ લાખ ૨૬ હજાર ૪૩૨ની આવક થઈ હતી.

સૌથી વધુ ૨૮ ઓગસ્ટના રોજ ૩૯ ટ્રિપો દ્વારા ૨,૧૬૪ મુસાફરોએ પ્રવાસ કર્યો હતો. આગામી જન્માષ્ટમી તહેવાર પર પણ ટ્રાફિકને ધ્યાનમાં રાખીને બસો ફાળવવામાં આવી છે અને બુકિંગ ફૂલ થતાં વધારાની બસો દોડાવાશે.

---------------------------------------------------------------------------------------------------

## માંડવી-દબાણ હટાવ કામગીરી:

માંડવીમાં સર્વોચ્ચ અદાલતના નિર્દેશો બાદ ફૂટપાથ અને રસ્તાઓ પરના ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી તેજ કરવામાં આવી છે. પાલિકા તંત્ર દ્વારા નગરપાલિકા રોડ, ગૌરવપથ અને સોનાવાળા નાકા સહિતના વિસ્તારોમાંથી તાજેતરમાં 15 દબાણો દૂર કરાયા છે, જ્યારે આગળ વધુ 30 થી 40 નડતરરૂપ અતિક્રમણો હટાવવાનું આયોજન છે.

ગેરકાયદે પેશકદમીથી રસ્તા સાંકડા થતાં ટ્રાફિક અને નાગરિક સુરક્ષાનો પ્રશ્ન ઊભો થયો છે. તંત્રે આગામી તહેવારોમાં અડચણરૂપ દબાણો વગર નોટિસે હટાવવાની કડક ચેતવણી આપી છે. વહીવટી તંત્રના અહેવાલ મુજબ તાલુકામાં ચિહ્નિત થયેલા 94 દબાણોમાંથી 53 દબાણો સફળતાપૂર્વક દૂર કરી દેવાયાં છે, જ્યારે બાકીના 41 દબાણો હટાવવાની કાનૂની કાર્યવાહી હાલ પ્રગતિ હેઠળ છે.

---------------------------------------------------------------------------------------------

## અદાણી મેડિકલ કોલેજમાં કરિક્યુલમ ઈમ્પ્લિમેન્ટેશન સપોર્ટ પ્રોગ્રામ :

અદાણી મેડિકલ કોલેજમાં તબીબી શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા બે દિવસીય કરિક્યુલમ ઈમ્પ્લિમેન્ટેશન સપોર્ટ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પુસ્તકિયા જ્ઞાન સાથે વ્યવહારુ કૌશલ્ય અનિવાર્ય હોવાનો સૂર વ્યક્ત કરાયો હતો.

નેશનલ મેડિકલ કમિશનના કો-ઓર્ડિનેટર ડો. ઈલેશ કોટેચાની ઉપસ્થિતિમાં યોજાયેલી આ તાલીમમાં વિવિધ વિભાગોના 30 ફેકલ્ટી સભ્યોએ ભાગ લીધો હતો. બે દિવસ દરમિયાન સીબીએમઈ અભ્યાસક્રમના અમલીકરણ, શિક્ષણ-અધ્યયન પદ્ધતિઓ, મૂલ્યાંકન અને એઈટીસીઓએમ મોડ્યુલ અંગે માર્ગદર્શન અપાયું હતું. મેડિકલ ડિરેક્ટર ડો. નરેન્દ્ર હીરાણી અને ડીન ડો. અજિત કુમાર ખિલનાનીના માર્ગદર્શન હેઠળ આ આયોજન કરાયું હતું.

---------------------------------------------------------------------------------------------

## માંડવી-રાત્રિ મેળાનું આયોજન :

માંડવીમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય ગ્રાઉન્ડ ખાતે આગામી 5 અને 6 સપ્ટેમ્બર દરમિયાન બે દિવસીય પ્રખ્યાત રાત્રિ લોકમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નગરપાલિકા દ્વારા આ મેળાની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે, જેનો પ્રારંભ 5 સપ્ટેમ્બરે બપોરે 4 વાગ્યે ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના હસ્તે થશે.

મેળા દરમિયાન ડુપ્લિકેટ દેવાનંદ અને અમિતાભ બચ્ચનની ઉપસ્થિતિ સાથે બાળકો માટે બિગ કાર્ટૂન અને કઠપૂતળી મનોરંજન વિશેષ આકર્ષણ રહેશે. વહીવટી તંત્ર દ્વારા વિવિધ

સમિતિઓની રચના કરાઈ છે અને સુરક્ષા માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાશે. ટ્રાફિક નિયંત્રણ માટે સાંજે 6 વાગ્યાથી મેળા વિસ્તારમાં વાહન વ્યવહાર પર પ્રતિબંધ રહેશે.

---